# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સંહતિ", છઠ્ઠો માળ, એસ.આઇ.ઇ.સી.સી. કેમ્પસ, ખજોદ ચાર રસ્તા પાસે, અલથાણ રોડ, સરસાણા, સુરત – ૩૯૫ ૦૦૭

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


Ref no. PN 2025-26/135 Dt. 13/09/2025

તંત્રીશ્રી, ____________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(સેક્રેટરી)

---

# ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા પ્લેટિનમ હોલમાં 'સંસ્કૃતિ' – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ' અંતર્ગત શોર્ટ ફિલ્મ મેકિંગ વર્કશોપ યોજાયો

## ડર ને દૂર કરીને પોતાની સર્જનાત્મકતા પર વિશ્વાસ રાખી સમાજ માટે ઉપયોગી અને પ્રેરણાદાયી શોર્ટ ફિલ્મ્સ બનાવી શકાય : શ્રી ધ્રુવિન જૈન

## સંસ્કૃતિ અંતર્ગત પ્રાચીન અને અર્વાચિન ગરબા સ્પર્ધા પણ યોજાઇ

**સુરત:** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા આયોજિત 'સંસ્કૃતિ' – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ' દરમ્યાન તા. ૧૨ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ બપોરે ૨:૦૦ કલાકે પ્લેટિનમ હોલ, સરસાણા, સુરત ખાતે શોર્ટ ફિલ્મ મેકિંગ વર્કશોપ યોજાયો હતો, જેમાં ધ્રુવિન જૈન ફિલ્મ એકેડેમીના ફાઉન્ડર શ્રી ધ્રુવિન જૈને શોર્ટ ફિલ્મ બનાવવા સંદર્ભે વિસ્તૃત જાણકારી આપી હતી.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, આજના યુગમાં સર્જનાત્મકતા અને નવી વિચારોની ખૂબ જ મહત્વની ભૂમિકા છે. શોર્ટ ફિલ્મ મેકિંગ જેવા સેશન દ્વારા યુવા પેઢીને તેમની કલાત્મક પ્રતિભા વિકસિત કરવા અને સામાજિક મુદ્દાઓ પર એક સકારાત્મક પ્રભાવ છોડવા માટે પ્રોત્સાહિત કરી શકાય છે.

ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટીના ચેરપર્સન શ્રીમતી સ્વાતિ શેઠવાલાએ જણાવ્યું હતું કે, સંસ્કૃતિ – ધ મેગા આર્ટ ફેસ્ટીવલ એ એક ઉત્તમ પ્લેટફોર્મ છે, જ્યાં ઉદ્યોગ સાહસિકો અને યુવાનો એકસાથે મળીને પોતાના વિચારોને વ્યકત કરી શકે છે. અમને ખુશી છે કે આવા સેશન દ્વારા યુવાઓને ફિલ્મ મેકિંગ ક્ષેત્રમાં માર્ગદર્શન મળતું રહે છે અને તેઓ પોતાની પ્રતિભાને સાકાર કરી શકે છે.

શ્રી ધ્રુવિન જૈને જણાવ્યું હતું કે, શોર્ટ ફિલ્મ્સ એક શક્તિશાળી માધ્યમ છે, જેના દ્વારા કરંટ ઘટનાઓ પરથી બોધપાઠ લઇને તેની સર્જનાત્મક અભિવ્યક્તિ પ્રદાન કરવામાં મદદ મળે છે. તેમણે વર્કશોપ દરમિયાન શોર્ટ ફિલ્મ બનાવવાની પ્રક્રિયા, સ્ટોરીબોર્ડ તૈયાર કરવાની રીત, કેમેરા એંગલ્સ અને એડિટિંગ જેવા વિવિધ અગત્યના પાસાઓ અંગે વિસ્તૃત જાણકારી આપી હતી. સાથે જ યુવાઓને પ્રેરણા આપી હતી કે કેવી રીતે સારા વિચારોને શોર્ટ ફિલ્મ તરીકે પ્રસ્તુત કરી શકાય અને સમાજમાં તેનો પોઝીટીવ સંદેશ પહોંચાડી શકાય.

તેમણે જણાવ્યું હતું કે, શોર્ટ ફિલ્મ બનાવતી વખતે સૌથી મહત્વની બાબત એ છે કે એક સારા વિચારોને સરલ અને અસરકારક રીતે રજૂ કરી શકાય છે. શોર્ટ ફિલ્મ મેકિંગ એ માત્ર ટેકનિકલી જાણવાની પ્રક્રિયા નથી, પરંતુ તેમાં સારા સ્ટોરી ટેલિંગ, અભિનય, દ્રશ્ય રચના અને સંદેશની સ્પષ્ટતા પણ મહત્વની હોય છે. આજે યુવાનોમાં શોર્ટ ફિલ્મ મેકિંગ માટે ઘણી તકો છે. તેમણે જણાવ્યું હતું કે, સતત ક્રિએટીવ અભિગમ અપનાવતા રહેવાથી જ યુવાનો ફિલ્મ ઉદ્યોગમાં સફળતા મેળવી શકે છે. તેમણે યુવાનોને સંદેશો આપતા કહયું હતું કે, ડર ને દૂર કરીને પોતાની સર્જનાત્મકતા પર વિશ્વાસ રાખો અને સમાજ માટે ઉપયોગી અને પ્રેરણાદાયી શોર્ટ ફિલ્મ્સ બનાવો.

ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટીના કો–ચેરપર્સન સીએ અવનિ દેસાઇએ શ્રી ધ્રુવિન જૈનનો પરિચય આપ્યો હતો. કમિટીના સભ્ય સુશ્રી શ્રદ્ધા શાહે વર્કશોપનું સંચાલન કર્યું હતું. કમિટી સભ્ય શ્રીમતી ભાવિની ગોળવાલાએ ઉપસ્થિત સર્વેનો આભાર માની વર્કશોપનું સમાપન કર્યું હતું. ચેમ્બરની લેડીઝ વીંગના વાઇસ ચેરપર્સન શ્રીમતી અલ્પા મદ્રાસી, ચેમ્બરની આર્ટ, કલ્ચર એન્ડ હેન્ડીક્રાફટ કમિટીના કો–ચેરપર્સન સુશ્રી વિનિતા રાવત, આર્ટિસ્ટ અને યુવાનો વર્કશોપમાં ઉપસ્થિત રહયા હતા.

સંસ્કૃતિ અંતર્ગત ૧૨મી સપ્ટેમ્બરના રોજ સાંજે ૫:૩૦ કલાકે પ્લેટિનમ હોલમાં પ્રાચીન અને અર્વાચિન ગરબા સ્પર્ધા યોજાઇ હતી, જેમાં કુલ દસ ગૃપ દ્વારા ભાગ લેવામાં આવ્યો હતો. છ ગૃપે પ્રાચીન અને ચાર ગૃપે અર્વાચિન ગરબાના પરફોર્મન્સ રજૂ કર્યા હતા. આ ગરબા સ્પર્ધામાં દરેક ગૃપમાં ૨૦થી ૬૫ વર્ષની મહિલાઓએ ભાગ લીધો હતો. પ્રાચીન ગરબામાં અમરોલીની એસ.પી.બી. હાઇસ્કૂલ ગૃપ પ્રથમ ક્રમાંકે રહયું હતું, જ્યારે ઉમિયા ધામ – સખી સહેલી ગૃપ બીજા ક્રમાંકે આવ્યું હતું. એવી જ રીતે અર્વાચિન ગરબામાં નૃત્યાંજલિ ગૃપે પ્રથમ ક્રમાંક મેળવ્યો હતો, જ્યારે આદ્ય શકિત ગૃપ બીજા ક્રમાંકે રહયું હતું.